એ ડીવીઝન પોલીસ સ્ટેશન,
હિંમતનગર સાબરકાંઠા.
ફોન નંબર:૦૨૭૭૨-૨૪૭૪૩૩
E-Mail- polstn-him-sab@gujarat.gov.in

તા.૨૦/૦૪/૨૦૨૬

# પ્રેસનોટ

## ભારતીય બનાવટના અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂ ભરેલ રિક્ષા સાથે એક ઇસમને પકડી વિદેશી દારૂ તથા બીયર કુલ નંગ-૧૧૧) કિ.રૂ.૪૭,૩૨૦/-તથા રિક્ષા તથા મોબાઇલ નંગ-૧ મળી કુલ.કિ.રૂ.૧,૨૨,૩૨૦/- નો મુદામાલ પકડી પાડતી હિંમતનગર એ ડીવીઝન પોલીસ

નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિરેન્દ્રસિંહ યાદવ સાહેબ (IPS) ગાંધીનગર વિભાગ ગાંધીનગર તથા પોલીસ અધિક્ષક શ્રી,ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ(IPS), સાહેબ સાબરકાંઠા નાઓએ જીલ્લામાં કાયદો એને વ્યવસ્થાની જાળવણી સારૂ ગેરકાયદેસર પ્રોહી પ્રવુતિ અટકાવવા તેમજ આગામી સમયમાં સ્થાનિક સ્વરાજની ચુંટણી યોજાનાર હોય કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુ વખતો વખત અસરકારક પેટ્રોલીંગ રાખવા સુચના આપેલ હોય જે અન્વયે વિભાગીય પોલીસ અધિકારી શ્રી એ.કે.પટેલ સાહેબ હિમતનગર વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ અમો શ્રી કે.વાય વ્યાસ પો.ઇન્સ એ ડીવી. પો.સ્ટે.હિંમતનગર તેમજ સર્વેલન્સ સ્કોડને આ દિશામાં સતત વોચ તપાસમાં રહી આવા ઇસમોને પકડવા સુચનો કરેલ હોય.

આજરોજ સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતાં.દરમ્યાન સાથેના અ.પો.કો.જ્ઞાનદિપસિંહ વિજયસિંહ તથા અ.પો.કો.મિતરાજસિંહ રણજીતસિંહ નાઓની સંયુક્ત રાહે ખાનગી બાતમી હકીકત મળેલ કે હિંમતનગર નવા રોડ તરફથી એક ઇસમ પોતાના કબ્જાની સી.એન.જી.રિક્ષા રજી.નં.GJ-31-X-2387 માં ભારતીય બનાવટ નો વિદેશી દારૂ લઈ હિંમતનગર શહેર તરફ આવી રહેલ છે જે હકીકતઆધારે સર્વેલન્સના માણસો સુંદરગઢ ગામની સીમમા હાઇવે રોડ ઉપર વાહન ચેકીંગમાં ઉભા રહેલ દરમીયાન બાતમી હકીકત વાળી રિક્ષા આવતા રોકી કોર્ડન કરી રિક્ષા ચાલક ને પકડી પાડી રિક્ષા ચેક કરતાં ડ્રાઇવર શીટના નીચેના ભાગે તથા પાછળની શીટમાં થેલાઓમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ બોટલો કુલ નંગ- ૧૧૧/- કુલ કિ.રૂ.૪૭,૩૨૦/- ના પ્રોહી મુદામાલ તથા ઓપ્પો કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦૦/- તથા સી.એન.જી.રિક્ષા કિ.રૂ. ૭૦,૦૦૦/- મળી, કુલ મુદ્દામાલ કિમત રૂ.૧,૨૨,૩૨૦/- ના મુદામાલ કબજે લઇ, પકડાયેલ રિક્ષા ચાલક આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરતી એ ડિવીજન પોલીસ

(કે.વાય વ્યાસ)
પોલીસ ઇન્સ્પેકટર
એ ડીવી.પો.સ્ટે. હિંમતનગર

## પકડાયેલ આરોપી

અંકિત ઉર્ફે ખેમો નારણભાઈ ભણાત ઉ.વ.૧૯રહે.અણસોલ તા.ભિલોડા જી.અરવલ્લી

**કામગીરી કરનાર ટીમઃ–**

(૧) એ.એસ.આઇ મો.સલીમ ઇકબાલહુસૈન
(૨) અ.પો.કો.જ્ઞાનદિપસિંહ વિજયસિંહ
(૩) અ.પો.કો મિતરાજસિંહ રણજીતસિંહ
(૪) અ.પો.કો.ગજેન્દ્રસિંહ બળવંતસિંહ
(૫) અ.પો.કો.વિપુલસિંહ નવલસિંહ
(૬) આ.પો.કો અશ્વીનસિંહ સુરેશસિંહ
(૭) આ.પો.કો.કુલદિપસિંહ નરેન્દ્રસિંહ

